# મારી ઝુંપડીએ વીર ક્યારે પધારે?

મારી ઝુંપડીએ વીર ક્યારે પધારે?
ક્યારે પધારે મારો જનમ સુધારે રે..મારી..

નામ મારું ચંદના ને જાતની હું રાજકુંવરી,
શેઠાણીના ઘરમાં હું તો રહું છું એકલડી;
ચેતનજીએ કોલ દીધા વીર આવશે દ્વારે રે..મારી..

ચેતનજીની ભાવના ઉપર વિશ્વાસ મેં રાખ્યો,
સાચો ભરોસો મારા રુદિયામાં રાખ્યો;
વાટલડી જોતી હું તો સાંજ સવારે રે..મારી..

જનમ - જનમની પ્રિત અધૂરી,
કહો મારા વીર હવે ક્યારે કરશો પૂરી?
પ્રભુજીના દર્શનની અત્યંત પ્યાસી રે..મારી..

સિદ્ધાર્થજીના પુત્રને ત્રિશલાના જાયા,
ત્રિભુવનના સ્વામી એ તો ભક્તજનને પ્યારા;
ગૌતમજીની ભક્તિ એ તો સહુથી સવાઈ રે..મારી..

ચંદના ઉપર મહેર કરી વીર આવ્યા દ્વારે,
ચંદનાએ દાન દીધાં જયકાર ગાજ્યાં;
નવધા ભક્તિ જાણી વીરે આહારદાન લીધાં રે..મારી..

વૈરાગી ચંદનાએ ત્યાગ જ લીધાં,
આત્મસ્વરૂપમાં એણે વિશ્રામ કીધા;
વીર કૃપાથી એ તો મુક્તિને* પામ્યા રે..મારી..

(* પરંપરાએ પામશે)